# રૂવચમાં દેશી ગાયના છાણા અને ગાયનું શુદ્ધ ઘી સાથે વૈદિક હોળી પ્રગટાવાઈ

## ૫૦ કિલો ઘી અને ૨૫૦ નંગ છાણા નો ઉપયોગ કરવામાં આવ્યો... : વાતાવરણ માં શુદ્ધ ઓક્સિજન પેદા થવાથી ઝેરી જીવાણુ ઓનો નાશ થવાની માન્યતાઓ : કોરોના જેવા વાઈરસ સામે રક્ષણ મળે

ઈડર (બ્યુરો ઓફીસ) તા.૩૦

ઈડર તાલુકા ના રૂવચ ગામમાં વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી ,હોળી માં લાકડાઓ ઉભા કરી વચ્ચે દેશી ગાયના ગોબર વિવિધ ઔષધીઓ નાખી બનાવેલ છાણા અને દેશી ગાયનું શુદ્ધ ઘી સાથે હોમવામાં આવ્યા હતા.

દેશી ગાય ના ગોબર માં વિવિધ ઔષધીઓ નો નાખી બનાવેલ છાણા તેમજ દેશી ગાય નું શુદ્ધ ઘી નાખી વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી, જેના કારણે વાતાવરણ શુધ્ધ થાય છે . દેશી ગાયના છાણા માં વિવિધ પ્રકારની ઔષધિઓ સાથે ગાયનું ઘી નાખવાથી ઓક્સિજન પેદા થાય અને સાથે સાથે હવામાં રહેલા વિષાણુ એટલે કે કોરોના વાયરસ કે સ્વાઈન ફ્લુ વાઈરસ જેવા ઝેરી જીવાણુઓનો પણ નાશ થાય અને અનેક જાતની બિમારીઓથી બચી શકાય.

ગત વર્ષ થી વિશ્વમાં કોરોનાનો જીવલેણ વાઈરસ ના કારણે લોકો દેશી અને ઘરગથ્થું ઉપચારો નો ઉપયોગ કરી કોરોના થી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે,લોકો દેશી ઔષધીઓ નો કાયમી વપરાશ કરતા થાય છે ,ભૂતકારમાં આવેલ જીવલેણ બીમારીઓ થી બચવા લોકો નવા નવા નુક્સાઓ કરતા હતા ત્યારે કોઈ કોઈ જગ્યાએ કપૂર ની ગોળીઓ પણ હોળીમાં હોમવામાં આવી હતી અને ચિકનગુનિયા જેવા રોગો ની સામે રક્ષણ મેરવવા ના પ્રયત્નો કરેલ હતા.ત્યારે અત્યારે



કોરોનાની સાંપ્રત પરિસ્થિતિ આખું વિશ્વ અસરગ્રસ્ત છે અને વેકસીનના સહારે કોરોના ન થવાની આશા ઓ મંડાયેલી છે,ત્યારે ગામડાઓમાં લોકો દેશી ઘરઘાથ્થુ ઔષધિઓનો ઉપયોગ કરવા માંડ્યા છે ,દેશી ઉકાળા નો રોજેરોજ નો ઉપાયોગ કરવા લાગ્યા છે.ત્યારે આજે હોળી ના પવિત્ર દિવસે ગામેગામ હોળી પ્રગટાવી હોળી ની જ્વારાઓ સાથે પોતાના દુઃખ દર્દ અને બીમારીઓ નો નાશ થાય અને આવનાર સમય સુખ અને આનંદ સાથે નિરોગી રહે તેવી પ્રાર્થના કરતા હોય છે.ત્યારે આજે રૂવચ ગામની હોળી દેશી ગાય ના ગોબર માં દેશી ઔષધીઓ નાખી બનાવેલ છાણા ની સાથે દેશી ગાયનું શુદ્ધ ઘી સાથે વૈદિક હોળી પ્રગટાવવામાં આવી હતી.

# પ્રાંતિજ સહિત તાલુકામાં હોલિકા ઉત્સવ યોજાયો



પ્રાંતિજ તા.૩૦

**પ્રાંતિજ સહિત તાલુકામાં દર વર્ષ ની જેમ અલગ-અલગ સ્થળે હોળી પ્રગટાવવામાં આવી : વર્ષોથી લાકડાં છાણાં ઉગરાવી હોળી ઉત્સવ મનાવવામાં આવે છે : રાત્રીના સમયે પ્રાંતિજ ખાતે અલગ અલગ વિસ્તારોમાં હોળી બનાવી પ્રગટાવવામાં આવે છે**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ હોળી બનાવીને પ્રગટાવવામાં આવે છે તો પ્રાંતિજ સહિત તાલુકામાં પણ હોલિકા ઉત્સવ યોજાયો હતો.

પ્રાંતિજ સહિત તાલુકામાં વર્ષો થી ચાલી આવતી પરંપરા મુજબ હોલિકા ઉત્સવ યોજાય છે જેમાં પ્રાંતિજ ખાતે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ કડીયાવાસ, ખોડીયાર કુવા, બજાર ચોક, નગર પંચાત પાસે, સોનીવાડા નાકા, દેસાઈની પોળ સહિત તાલુકા વિવિધ યુવકો મંડળો દ્વારા દર વર્ષ ની જેમ ધરે ધરે થી લાકડાં છાણાં ઉઘરાવી ને તૈયાર કરવામાં આવે છે અને ધુળેટીના આગલા દિવસે હોળીના દિવસે રાત્રીના સમયે પ્રગટાવવામાં આવે છે. તો પ્રાંતિજ સહિત તાલુકામાં પણ વિવિધ સ્થળોએ હોળી તૈયાર કરી પ્રગટાવવામાં આવે છે. તો હોળીની જવાળાઓ થી વર્ષ નો એધાન અને ગરમી નો પ્રારંભ થાય છે તો વિવિધ વિસ્તારોમાં નગરજનો દ્વારા જેમની ઉજવણી કરવામાં આવે છે તો હોળીની પુંજા કરી દર્શન કરી ધન્યતા પણ અનુભવી હતી.

## જન્મદિને વધામણી



દક્ષ જીતેન્દ્રકુમાર ચમાર
સાઠંબા, તા.બાયડ



આર્યા મોહનભાઈ દરજી
સાઠંબા, તા.બાયડ



મિલનભાઈ પી. શાહ
(સેવા નિવૃત્ત એસ.ડી.ઓ., બી.એસ.એન.એલ.) બાયડ



રમેશભાઈ સી. પટેલ
(ચેરમેન : ધી ચોરીવાડ બચત ધિરાણ મંડળી)
ચોરીવાડ, તા.ઈડર



અતુલભાઈ બી. પટેલ
(સંચાલક : તક્ષશિલા વિદ્યાલય, બાયડ)
બાયડ



પ્રતિક વી. પટેલ
ચોરીવાડ(હાલ.જેતપુર),તા.ઈડર



મહેશભાઈ ભીખાભાઈ પટેલ
(એન.એચ.શાહ હાઈસ્કુલ-બાયડ)
બાયડ



માંનસિંહ માધુસિંહ સોઢાપરમાર
(સંગઠન પ્રમુખ : બાયડ તાલુકા ભાજપ)
વારેણા, તા.બાયડ



મહેન્દ્રભાઈ સી. પંચાલ
(હેડક્લાર્ક : સી.જી. બુટાલા હાઈસ્કુલ,મોડાસા)
કારછા, તા.મોડાસા



નરેશભાઈ એલ. પરમાર
(સિંચાઈ ઈજનેર : મોડાસા સબ ડીવીઝન) બાયડ

# ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસના બેસ્ટ ફિઝિક ચેમ્પિયનશીપમાં ગુજરાતની સચિવાલય ટીમે પ્રથમ બૉન્ઝ મેડલ મેળવ્યો




ઈડર (બ્યુરો ઓફિસ)તા.૩૦

કેન્દ્ર સરકારના કેન્દ્રીય સિવિલ સેવા સાંસ્કૃતિક અને ક્રીડા બોર્ડ તરફથી ચાલુ વર્ષ દરમિયાન તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ દિલ્હી ખાતે નેશનલ લેવલ પર ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ બેસ્ટ ફિઝિક ચેમ્પિયનશિપ ૨૦૨૦-૨૦૨૧ નુ આયોજન કરવામા આવેલ હતુ જેમા વિવિધ રાજ્યો તરફથી અલગ અલગ વેઈટ કેટેગરીમા ૧૫૦ જેટલા ખેલાડીઓ દ્વારા ભાગ લેવામાં આવેલ જેમા ગુજરાત રાજ્યની સચિવાલય ટીમમા ઈડર તાલુકાના મોટા કોટડા ગામના ભાવિનકુમાર એચ પટેલ જે હાલ મોરબી જિલ્લા પંચાયત કચેરીમા ફરજ બજાવે છે તેમને બીલો ૫૫ કેજી વેઈટ કેટેગરીમા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નેશનલ લેવલે ત્રીજો ક્રમાંક અને બ્રોન્ઝ મેડલ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું નામ રોશન કર્યુ છે દર વર્ષે યોજાતી ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ બેસ્ટ ફિઝિક ચેમ્પિયનશિપમા ભાવિનકુમાર એચ. પટેલને મળેલ બ્રોન્ઝ મેડલ ગુજરાત રાજ્યને મળેલ પ્રથમ મેડલ છે.

ઈડરના મોટકોટડા ગામના ભાવિન પટેલે ગુજરાતને પ્રથમ મેડલ અપાવ્યો...

●●●

વિવિધ રાજ્યોના ૧૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો... ઓલ ઈન્ડિયા

# મોડાસામાં અસામાજિક તત્વોએ સ્ટંટ કરી આતંક મચાવ્યો: એક્ટિવા ચાલક મહિલાને ફંગોળતા થઇ ગંભીર ઈજાગ્રસ્ત

હિંમતનગર, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

મોડાસા સહિત અરવલ્લી જીલ્લામાં દિન-પ્રતિદિન અસામાજિક તત્વોનો આતંક વધતો જતો જોવા મળી રહ્યો છે. અંગત અદાવત કે કોઈ અન્ય કારણોસર તોડફોડ, જાહેરમાં કરવામાં આવતા હુમલાઓ, મારામારી અથવા અકસ્માત જેવી ઘટનાઓ છાસવારે પ્રકાશમાં આવતી હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો અરવલ્લી જિલ્લાના મોડાસા પંથકમાં સામે આવ્યો છે. અરવલ્લી જિલ્લાના મોડાસા પંથકમાં અસામાજિક તત્વો આતંક મચાવી રહ્યા છે. મોડાસાના મેઘરજ રોડ પર બાઈક પર બાઈક ચાલકો દ્વારા સ્ટંટ કરવામાં આવ્યા છે. જેમા એક્ટિવા ચાલકને અડફેટમાં લેતા મોટો અકસ્માત સર્જાયો હતો. અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી મહિલાને તાત્કાલિક સારવાર માટે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાઈ હતી.



સમગ્ર મામલે સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતિ અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસા મથકે મેઘરજ રોડ પરની દ્વારકાપુરી પાસે બાઈક ચાલકે મહિલા એક્ટિવા ચાલકને અડફેટે લીધી હતી સામાજિક તત્વો રોડ પર સ્ટંટ કરી રહ્યા હતા. તે દરમિયાન એક્ટિવા ચાલક મહિલાને ફંગોળી હતી. જેને લઈને મહિલાના માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાઈ હતી. ફાટીને ધુમાડે ગયેલા શ્રીમંત ઘરના નબીરાઓ દ્વારા કરવામાં આવતા બાઈક સ્ટંટો સામે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે મોડાસા પંથકમાં મેઘરજ રોડ સહિત અન્ય માર્ગો પર વધતા અકસ્માતોને લઈને રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ મામલે જાહેરમાં લોકોની અવરજવરથી ધમધમતા રોડ ઉપર સ્ટંટ કરી આતંક મચાવનાર અસામાજિક તત્વો વિરુદ્ધ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**મોડાસાના મેઘરજ રોડ પર બાઇક પર બાઇક ચાલકો દ્વારા સ્ટંટ કરવામાં આવ્યા હતાં : ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલી મહિલાને તાત્કાલિક સારવાર માટે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાઇ હતી**

# પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે જાયન્ટસ ગ્રુપ અને પત્રકારોની ટીમ વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ

પ્રાંતિજ તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે આજે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ જાયન્ટસ ગ્રુપ દ્વારા ક્રિકેટ મેચ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પત્રકારો, ડૉકટરો,વકીલો, કોર્પોરેટરો , વેપારીઓ, જાયન્ટસ મેમ્બર્સ સહિત નગરના અગ્રણીઓની ટીમ બનાવી ક્રિકેટ મેચ યોજાઈ હતી જેમા પત્રકારોનીનો વિજય થયો હતો. પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે જાયન્ટસ ગ્રુપ દ્વારા દર વર્ષ ની જેમ આવશે પણ ધૂળેટી ના દિવસે ક્રિકેટ ટુર્નામેન્ટ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પત્રકારો, ડૉકટરો, વકીલો, કોર્પોરેટરો, વેપારીઓ, જાયન્ટસ મેમ્બર્સ, નગરના અગ્રણીઓમાથી એક જાયન્ટસ ગ્રુપ અને બીજી પત્રકારોની ટીમ બનાવવામા આવી હતી જેમા



જાયન્ટસ ગ્રુપ ની ટીમના કપ્તાન તરીકે મિતેશ ભાઈ શાહ તથા પત્રકાર ની ટીમ ના કપ્તાન તરીકે સંજયભાઈ રાવલ દ્વારા કપ્તાન સીપ કરવામા આવી હતી અને ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી જેમા જાયન્ટસ ગ્રુપ ની ટીમ દ્વારા પહેલા ટોસ જીતીને બેટિંગ કરી હતી જેમા ૧૨ ઓવર મા ૧૩૭ રન બનાવ્યા હતા તો પત્રકારો ની ટીમ દ્વારા બીજા દાવમા એક વિકેટે ૧૦ ઓવરમા ૧૩૮ રન બનાવી મેચ જીતી લીધી હતી તો ઉપસ્થિત મહેમાનો દ્વારા વિજેતા ટીમ અને રનર્સઅપ ટીમ તથા બેસ્ટ બેટિંગ માટે ર્ડા નિલય ભાઈ ટોફી આપવામા આવી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ તલોદ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, ભુનેશભાઈ પરીખ, નૃપાશંભાઈ પટેલ, ર્ડા.એન.કે.ડેરીયા, મહંત સુનીલદાસજી મહારાજ, શાળા આચાર્ય પી.કે.પટેલ , જગદીશભાઈ રાવલ, સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા તો સમગ્ર મેચ છેલ્લી ઓવર સુધી રોમાંચક રહી હતી અને ખેલાડીઓએ ગણા સમય પછી ક્રિકેટ મેચ રમતા આનંદ છવાયો હતો તો સમગ્ર મેચ નુ આયોજન જાયન્ટસ ગ્રુપ પ્રાંતિજ દ્વારા કરવામા આવ્યુ હતુ અને ટોફી ના દાતા મિતેશ ભાઈ શાહ દ્વારા આપવામા આવી હતી તો અવરઓન હાઈસ્કૂલ નુ મેદાન આપવા બદલ અને ફુટી ના દાતા રહીશભાઈ કસ્બાતી નો પણ દરેક ખેલાડીઓએ તથા જાયન્ટસ ગુપે આભાર વ્યક્ત કર્યો હતો તો ખેલાડીઓ સહિત ઉપસ્થિત સર્વને સંજયભાઈ પટેલ દ્વારા ઠંડી છાશ પીવડાવવામા આવી હતી તો વજેશભાઈ ભાવસાર અને વિનોદભાઈ દરજી દ્વારા બેસ્ટ એમ્પાયરીંગ કરવામા આવી હતી તો જાયન્ટસ ગુપ ના પ્રમુખ કેયુરભાઈ પ્રજાપતિ અને મંત્રી હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા સુદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# ધુળેટીના સવારે હોળી પ્રગટાવતું એક માત્ર ગામ બાંઠીવાડા...

## અનોખી હોળીમાં મહિલાઓ ઢોલ વગાડતા જોવો અનેરો લ્હાવો, લઠ્ઠમાર હોળીમાં ઘોડાપુર

મેઘરજ, તા.૩૦

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે હિન્દુ ધર્મનો હોળીનો પવિત્ર તહેવાર બાંઠીવાડાના આજુબાજુના બાર મુવાડાના હજારો લોકોની જનમેદની ભેગી મળી હોળીના બીજા દિવસે એટલેકે ધુળેટીના દિવસે સવારે અગિયાર વાગે અનોખી રીતે પ્રાચીન પરંપરાઓ મુજબ સોમવારના રોજ હોળી પ્રગટાવવામાં આવતા હોળી જોવા લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા.બાંઠીવાડા વિસ્તારમાં દિવાળી કરતા પણ હોળી સૌથી મોટો તહેવાર ગણાય છે હોળી ઉજવવા લોકો દેશ પરદેશમાંથી પોતાના વતનમાં આવે છે



મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે છેલ્લા ઘણા વર્ષોથી હોળીનો તહેવાર ધુળીટીના દિવસે ઉજવવામાં આવે છે.આ ગામમાં આજુબાજુ આવેલ બાર મુવાડાના લોકો એક વિશાળ ખેતરમાં હોળીના ઢોલ સાથે દાડીયા રમવા માટે રંગબેરંગી લાકડીઓ સાથે એકત્ર થયા હતા અને એકત્ર થયેલ આ લોકોએ મુવાડા વાર અલગ અલગ જુથ બનાવી હોળીના ઢોલના તાલે દાડીયાની રમઝટ જમાવી હતી.જેમાં યુવતીઓ અને મહિલાઓ ધ્વારા વગાડવામાં આવતા ઢોલ અને રમવામાં આવતો રાસ સૌ લોકોમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ.અને દસ હજારથી પણ વધુ લોકોની ઉપસ્થિતિમાં સંયુક્ત હોળી પ્રગટાવવામાં આવી હતી.અને મોટી સંખ્યામાં હોળીની પ્રદક્ષિણા કરવા અને નાળીયેર હોમવા લોકો મોટી સંખ્યામાં લાઈનમાં જોડાયા હતા.અને હજારોની સંખ્યામાં હોળીમાં નાળીયેર હોમાયા હતા આ નાળીયેર હોમાવવાના દ્રશ્ય જોય સૌ લોકો આશ્ચર્યં ચકિત થયા હતા.આ સંયુક્ત હોળીના તહેવારને લઈને યુવાનો,વૃધ્ધો અને મહિલાઓ સહિત સૌ લોકોમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો અને આ રીતે બાર મુવાડાની સંયુક્ત હોળીની ધામધુમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

**હોળીના સ્તંભ નીચે મુકેલ માટીના લાડુ અને કુંભમાં રહેલા ભેજને પગલે વર્ષનો વર્તારો નક્કી કરે છે**

હોલિકા દહનના દર્શન પછી બારે મુવાડાના લોકો પોત પોતાના મુવાડામાં જઈ ઢોલ રમે છે. ત્યારબાદ આજ દિવસે સાંજે જે સ્થળે હોલિકા દહન થયું હતું તે જગાએ સમગ્ર ગામ પાણીનો લોટો લઈ હોળીને ટાઢી પાડે છે.તથા હોળીના સ્તંભની નીચે મુકેલ માટીના લાડુ તથા કુંભ કાઢી તેમાં કેટલો ભેજ રહેલો છે તેના ઉપરથી વરતારો એટલેકે આવતું વર્ષ ખેતી માટે કેવું રહેશે તે નક્કી કરવામાં આવે છે .આમ આ વિસ્તારના બક્ષીપંચ સમાજના લોકોએ જુના વેર જેર ભૂલી જઈ એકમેક થઈ હોળી ઉત્સવ ઉજવી વર્ષો જૂની આ પરંપરાને જાળવી રાખી છે. સમાજના મુખીની હાજરીમાં હોળી પ્રગટાવી હોળી ઉત્સવની પરંપરાગત શૈલી મુજબ અનોખી રીતે ઉજવણી કરે છે

# ઉનાળો આકરો થયો ધનસુરામાં ૪૪ ડીગ્રી ગરમીનો પારો પહોંચ્યો

ધનસુરા, તા. ૩૦

ઉનાળો શરુ થયો છે ત્યારે ગરમી નો પારો વધી રહ્યો છે ગરમી નો પારો વધતા લોકો અવર જવર ઓછી કરી રહ્યા છે રસ્તા સૂમ સામ દેખાય છે ધનસુરા માં ગરમી નો પારો ૪૪ ડીગ્રીએ પહોચ્યો હતો



જેને લઈ ને રોડ અને બજાર માં લોકો જોવા મળતા ન હતા બપોર થતાં લોકો ઘરની બહાર બહુ ઓછા નીકળતા હોય છે ગરમી ને લઈ લોકો ઠંડા પીણા અને શરબત જેવી વસ્તુઓ પીને રાહત મેળવે છે ગરમી ના લીધે રોડ પર વાહનોની અવર જવર ઓછી જોવા મળી રહી હતી. ગરમીથી બચવા માટે લોકો શેરડી નો રસ અને કેરી નો જ્યુસ સહિત ઠંડા પીણા નો સહારો લઈ રહ્યા છે. ત્યારે લોકો એ ગરમી માં પાણી નું સેવન વધુ કરવું જોઈએ. અને કામ સિવાય ઘર ની બહાર જવાનું ટાળવું જોઈએ.

# ધનસુરા શીકા સહિત તાલુકામાં ઉત્સાહભેર ધૂળેટીની ઉજવણી



ધનસુરા, તા. ૩૦


ધનસુરા શીકા સહિત તાલુકા માં ઉત્સાહભેર ધૂળેટી ની ઉજવણી કરવામાં આવી હતી નાના બાળકો અને યુવાનો સૌએ સવારથી જ ધૂળેટી ને લઈને એકબીજાને રંગો લગાવી ઉત્સાહભેર ઉજવણી કરી હતી બાળકો એ પાણી છાંટી રંગ લગાવી ઉત્સાહભેર ઉજવણી કરી હતી સૌએ એકબીજા પર ગુલાલ,રંગ,કેસુડાના રંગો છાંટી ઉજવણી કરી હતી.

# ઈડર તાલુકાના રૂવચમાં દ્વિતીય સ્નેહ સંમેલન અને સન્માન સમારંભ યોજાયો

## તેજસ્વી વિદ્યાર્થી તેમજ વિવિધ પ્રતિભાઓ સન્માન કાર્યક્રમ યોજાયો...

ઈડર (બ્યુરો ઓફિસ)તા.૩૦

ઈડર તાલુકા ના રૂવચ ગામના આંજણા યુવક મંડળ આયોજીત દ્વિતિય સ્નેહ સંમેલન અને સન્માન સમારંભ યોજાયો.જેમાં વિવિધ કક્ષાએ અવ્વલ નંબર લાવનાર તેજસ્વી વિધાર્થીઓ અને વિવિધ ક્ષેત્રે ઊતકર્ષ દેખાવ કરનાર મહાનુભાવાનું સન્માન તેમજ વય મર્યાદા નિવૃત સન્માન કાર્યક્રમ યોજાયો.



જેમાં ધોરણ દસ,બાર અને કોલેજ કક્ષાએ ઉત્કર્ષ દેખાવ કરના તેજસ્વી વિધાર્થીઓ અને વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ પદવી પ્રાપ્ત કરનાર પ્રતિભાઓ અને ચાલુ સાલે સરકારી નોકરીમાં પસંદગી પામનાર અને સરકારી નોકરી માંથી નિવૃત થનાર આંજણા સમાજના ભાઈ-બહેનો નું ટ્રોફી ,પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોરોનાની સાંપ્રત પરિસ્થિતિ ને લઈને સરકારી ગાઈડલાઈન પ્રમાણે સોશિયલ ડિસ્ટનસિંગ અને માસ્ક નો ફરજીયાત ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ રૂવચ આંજણા યુવક મંડળ ના સંદીપભાઈ પટેલ (આચાર્ય ચિત્રોડા હાઈસ્કૂલ), લલિતભાઈ પટેલ,(પત્રકાર ગાંધીનગર સમાચાર) જસુભાઈ પટેલ, કનુભાઈ પટેલ, જસુભાઈ સેક્રેટરી અને મંડળના યુવાનો એ જહેમત ઉઠાવી સફર બનાવ્યો હતો, કાર્યક્રમનું સંચાલન લલિત પટેલે કર્યું હતું, વિવિધ સહકારી સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ કરતા આગેવાનનું સન્માન કરાયું.. ઈડર તાલુકાની સહકારી જીન તથા ઈડર તાલુકા ફળ અને શાકભાજી સહકારી મંડળી સંઘના ડિરેક્ટર અને ગાંધીનગર સમાચાર ઈડરના બ્યુરો ચીફ લલિત પટેલનું આ કાર્યક્રમમાં શાલ અને ફુલછાડી થી રૂવચ ગામ અને શ્રી આંજણા (ચૌધરી)યુવક મંડળ, રૂવચ વતી સન્માન કરવામાં આવ્યું હતું